श्री

श्रेणिक चरित्र.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
V. H. M. A. & Co.

અમદાવાદ વિજયપ્રવર્તક પ્રેસમાં

છાપી પ્રસિદ્ધ કર્યું.

કીંમત ૦-૩-૦

श्री श्रेणीक चरित्र.

ईश्वर स्तुति.

सर्वेपात्रो- **ભુપકલ્યાણ.**

• શ્રી જગદીશ્વરા; ચરમજીનવરા;
પ્રણમીએ હાથ જોડી, હે દુઃખહરા. ટે.
સિધારથ કુલ નંદન સોહે, ત્રીસલા માત મલાર;
કેસરી લછન ચર્ણ બીરાજે, કનક કાય મનોહાર. ૧
હીરાજડીત મુગટ શિર ઉપર, કાને કુંડલ સાર;
મુક્તા મણી, નિલમના કંઠા, કંઠે દીસે અપાર. ૨
બાયે બાજુ બંધ બેરખા, સુવર્ણ કલી હાથ;
કડી હેમ કંદોરો શોભે, છત્ર શિરપર નાથ. ૩
એવા જીનવર પ્રણમું પ્રેમે, શિશ નમાવી આજ;
ભક્તિ ભાવ થકી જે કરશે, સુધરસે સહુ કાજ. ૪
નીત્ય નવકાર ગણે જે મનમાં, ઘટશે તેની ઘાત.
એ માટે વીર ચીત્ત સેવો, જીનેશ્વર જગતાત. ૫

(શ્રીપ્રસેનને સો પુત્ર હતા પણ તેઓ ઉછાંછળા ને જડ હોવાથી રાજ કોને સોંપવું એ વીગેરે દીલગીરીમાં બોલેછે).

श्रीप्रसेन **જય અંતે થશે. એ રાગ.**

શું રાજનું થશે, ભોગદારી કોણ હસે; ટે.
સો પુત્રછે ખરે, પણ કપુત સૌ અરે;
સોંપવું રાજ, કોને આજ, શી દશા થશે. શું રાજ.

અવસ્થા થઈ મારી, તેથી વાત મન ધારી.
સુજે ન કાંઈ, દીલની માંહી, દુઃખ કેમ જસે. શુંરાજ.
તોપણ તપાસી જોઉં, જેથી દુઃખ ખોઉં;
નીકળે એક, વાળો વિવેક, સુખ દિલ વસે. શુંરાજ.

(એમ ધારીને સર્વેની પરીક્ષા કરેછે તેમાં શ્રેણીક વિવેકીને ચતુર માલમ પડેછે તેથી તે વિચાર કરેછે કે જો નવાણું પુત્રો જાણશેતો તેને મારી નાંખશે. તેથી હાલ એને વિદેસ મોકલું તો સારૂ એમ ધારી શ્રેણીકને વિદેશ જવાનું કહ્યું. તેથી શ્રેણીક તેમના પીતા શ્રીપ્રસેન ને નમ્રતાથી મોકલવાનુ કારણ પુછે છે.)

શ્રેણીક. બંધ કીધલો બાપુએ શું કામ. એ. રાગ.

બાપુ આમ વદોછો શું કામ, પીતા આમ વદોછો શું કામ.
તમે ક્રોધે ભરાઇરે. બાપુ.
નથી કીધો અપરાધ તમારો, કેમ મુકાવોછો હામ (૨) ત. બાપુ.
આપ આજ્ઞાથી વિદેસ જઇસ પણ, દિલમાં રે'સે બહુ મામ. (૨) ત. બાપુ
શો માં એક શો ભારે પડેછે, કેમ કરવું પડે આમ (૨) ત. બાપુ
કહો તે કારણ મુજને અહીઆં, સુણવા રાખુ દીલ હામ. (૨) ત. બાપુ
મહેર કરી દયા લાવોને મુજપર, ન મુકાવો અવર ગામ (૨) ત. બાપુ

શ્રીપ્રસેન લાગીછે આથી પુરી લાયલાય. એ. રાગ.

સુણી ઉઠેછે આગ આગ મારા મનમાં. ટેક.
મારો હુકમ ન માન્ય કરે તેથી, દુઃખી થઉછું દીલમાં હું એથી;
નફટાઇ દીસેછે અથાગ, થાગ મારા મનમાં. સુણી.
ખરો પુત્ર કોનું નામ કેહવાયે, પીતા વેંણ પે'લાં આગળ થાયે.
પુછયા ન રહે કાંઈ માગ, માગ મારા મનમાં. સુણી.
મુજ પ્રશ્ન સામે ઉત્તર દીધો, જરા ન કાંઈ મનમાં તું બીધો;
તેથી લાગે મને દાગ, દાગ મારા મનમાં. સુણી.

શ્રેણીક. નહીં શોકાતુર પીતાજી થાઓ, અંતરમાં તમે નહીં ગભરાઓ

આજ્ઞા શિર ચડાવી લઉં માગ, માગ મારા પીતા.

લગાડો નહી મને દાગ, દાગ મારા પીતા;

(ત્યાંથી નીકળી શ્રેણીક પોતાની માતુશ્રી પાસે વિદેસ જવાની રજા લેવા જાયછે)

શ્રેણીક ગોપીચંદલડકા. એ રાગ.

સુણો માતુશ્રી મારાં, રજા આપોને જવા વનમાં. ટેક.

શીલવતી શું બોલે પ્યારા, સુણી ઉઠેછે આગ તનમાં. ટેક.

શ્રેણીક. પીતા મારાએ હુકમ કર્યો છે, સત્વર જાવા વન;

કારણ કાંઇ નથી જણાતું, શું હસે તેમના મન. સુણો.

શીલવતી તુજપીતાને જઇ સમજાવું, કેમ કાઢો પુત્ર વન,

ત્યાં સુધી તું આંહી બેસજે, આવું સત્વર તન. શુ

શ્રેણીક ના જશો માતાજી મારાં, મુજ પીતાની પાસ;

કારણ પુછતાં ક્રોધે ભરાણાં, મુકી આવ્યો આંહી આસ. સુણો.

કૃપા કરીને આપો રજા મને, કરો ન વિલંબ લગાર;

વાર થતાં દુઃખ લાગે મુજને. આ અંગ માંહી અપાર. સુણો.

શીલવતી વિયોગતારો કેમ સહેવાયે, મુજને વાલા પુત્ર;

જેમ જળથી પડે મીન જુદું, મર્ણ પામે તે તુર્ત. શુ

શ્રેણીક નવાણું તન માત તમારા, તે જોઇ પામ્યો સુખ;

એક તનના વિદેસ જવાથી, કેમ ધરો દેહ દુઃખ. સુણો.

શીલવતી સો એ મુજ મન સરખા ભાઇ, એક દુઃખે દુઃખી થાઉ;

તેથી તુજને વન જવાને, ના હું મુખે કહું. શુ.

શ્રેણીક પીતા વચન જે પુત્ર પાળે નહી, તે પાપી કહેવાય;

તે માટે શીર આજ્ઞા ચડાવી, ચાલું વનમાં જવાય. સુણો.
દુઃખ પડે આ દેહે ગાધીકું, તો પણ ડર ન લગાર;
ધીરજથી સૌ સેવું માતા, જેથી ઉતરૂં પાર. સુણો.

શીલવતી. મામાએ ક્રોધજ કીધો. એ રાગ.

શુણુ પુત્ર શીખામણુ મારી, સાંય થશે તુને મોરારી.
ફરશી પડોસ ન ફંડમાં નારી, અરે જા, સુખી થા.
વ્યસનને વલગીસ ન બાલ, નીતીના પાલ;
થજે દીલ ધારી, સુણુ પુત્ર.
સત્યવૃતિ વિદેસમાં, ધરજે પુત્ર સપુત.
નાની મોટી મા બેન સમ, ગણજે ન પડશે દુઃખ;
દુઃખ હીમતથી સુખ, સત્ય કહું મુખ. અરેજા.

(ત્યાંથી ચાલી શ્રેણીક આગળ વન તરફ જાયછે ને ઘણે દુર જવાથી તે થાકી જાયછે તેથી તે એક વૃક્ષ નીચે સુવેછે ને નિંદ્રાને આધીન થાય છે ને ત્યાં દેવ અદર્શયથી કહેછે તે સાંભળી તે જાગી ઉઠયો ને આમતેમ જુવેછે એટલે જોગી સ્વરૂપે દેવ તેમને માલમ પડેછે.)

अदृर्ष्यदेव. ગીતી.

સરીતા કીનારે શ્રેણીક, સમી પક્ષ એ વૃક્ષ ભલાં શોભે
ઉભય વૃક્ષની વચમાં, સફેત પાષાણ દેખી મન લોભે.

(આટલું કહી દેવ પ્રગટ થાય છે એટલે શ્રેણીક તેમને નમ્રતાઇથી પુછેછે.]

श्रेणीक રાજાએ પ્રજાને પુત્ર ગણીને પાળવી. એ રાગ.

એ પાષાણુ શાને કાજ, આવે જોગીરાજ;
કહો તે કૃપા કરી મુને, શાં શાં સુધરે કાજ. એ.

प्रगटदेव. શુણુ ભવ્યા તું શ્રેણીક, ધ્યાન ધરી આજ;
અદાર રત્નથી ભરેલો, એ છે સુંદર સાજ. એ.

અઢાર કાર્ય થાય જેથી, ભાગે સર્વે દુઃખ;
ઠામ ઠામ એ સાજેથી, ભાગે મનની ભુખ. એ.

श्रेणीक. ઠુમરી.

સમજાવો જોગીરાજ, ચીત્તે પ્રીત ધારીરે;
વીગતવાર કહીને, થાઓ ઉપકારીરે.
જેથી સુખ પામુ આપ, પ્રતાપે હું ભારીરે;
દયાવંત દયા આણી, કરો સુખ કારીરે.

प्रगटदेव. ઓખાહરણ.

પહલે રત્ને ટળશે વિખ, જેથી રાખીશ નહી મન બીક.
બીજે નાવે કારમણ દોષ, ત્રીજે અન્ન પાન ઉપોષ.
ચોથે પવર હોય સંતાન, પંચમા રત્નથી લહે જ્ઞાન.
છઠે રત્ને આવે બહુ રાગ, સાતમે લઇએ સધળા ભાગ.
આઠમે રૂપ પલટાઈ જાય, નવમે જલ નિધિ ઉતરાય.
દસમે લઇએ વસ્તુ પરીખ, અગીયારમે વિવેક શીખ.
બારમે ભય અગ્નીનો નહી, તેરમે શુલ દોષ ન કાંઇ.
ધાર બંધન જાણું ચૌદમે, પંદરમેં આવી સહુ નમે.
સોળમે નૃપ માને બોલ, સતરમે સ્ત્રીયો રંગ રોળ.
અઢારમે દેખે જે અંધ, સર્વે વ્યાધીના ટાળે બંધ.
મનમાં તું નક્કી માન, નહી ખોટુ પડેરે પ્રમાણ.
તેથી કીર્તી વધશે દસ દીસ, આપુ અવધ વર્જ વીસ.

(આ સાંભળી શ્રેણીક આગળ આવ્યા. ને જે નિસાની દેવે બતાવી હતી ત્યાં તે પોચ્યા ને નીસાની પ્રમાણે સરવે વસ્તુ તપાસી પથ્થર ફાડી તેની અંદર અઢાર રત્ન જે હતાં તે લેઇ આગળ ચાલતાં બીજુ એક વન આવ્યું એટલામાં તેને એક ભીલડીનો સમાગમ થયો તેથી તેમને ભીલડી મોહીત થઇ કહેછે]

ભીલડી. સુણોમોરી સખીયાં. એ રાગ.

સુણો સેઠ સારા, પ્રીતેથી મારા, મુજ સાથે વરો સાચુ કહું કહું કહું. ટેક.
નથી છોડનારી, કહુંછુ વિચારી; આ દાસીની અર્જ ધારો બહુ બહુ બહુ સુ.
સુખી થાઓ સ્વામી, નથી કાંઇ ખામી; દુઃખ તમ દૂરથસે સહુ સહુ સહુ

શ્રેણીક. ક્ષત્રીકલંક કેમ લેશોરે. એ રાગ.

અરે દુર થાતું દૂરમતિ નાર, વચન કેમ આમ વદેરે!
ધીઃક નફ્ટ નિર્લજ નાદાર ,,
નહી ધરે ઊર કોઇની તું બીક, ,,
ફટ ફટ તારૂ જીવતર ધીઃક, ,,
નથી જોઇતું મારે તારૂ સુખ, ,,
છો વેઠતો હું જંગલનાં દુઃખ, ,,

ભીલડી. સુણો શાહ એ વાત હમારી. એ. રાગ.

સુણો શ્રેણીક વાત એ મારી, શું બોલો તમે વીચારી;
કહુંછુ તમ હિત વીચારી, સુણો શ્રેણીક વાત એ મારી. ટેક
નહી કરો તિરસ્કાર મારોરે, મુજ મંદીરઆવવા ધારોરે;
કંથ કરવા વિચાર છે મારોરે, માનો ખચીત વાત અમારી. સુ
નાહી કહોના વરવા મુજનેરે, સુખ થસે અતિશે તુજનેરે;
મુજ સંગે તુતો જુજનેરે, માની વચન મારૂં આવારો. સુ.

શ્રેણીક. કહે જાત શી છે નારી તારી, કરે કામ શુ વન મોઝારી;
કોણ તાત તારોછે નારી, કહે જાત શીછે નારી તારી. ટેક
સર્વ સુણાવ દિલ વીચારીરે, નહી ખોટી કરતું નારીરે;
કહીને તું થા આભારીરે, કહે.

ભીલડી. કાલી ઘટા કોયલ બન છાઇ. એ રાગ.

ભીલતણી જાતછે મારી, છીએ રાજ તણાં અધીકારી;

સત્યવાત કહુંછું વિચારી, નહીં બીવરાવવા નીકારી.
રેમ નજરથી ગૃહો આ નારી, સુખ સંપતી પામે સારી.
પલ્લી તરૂવર મુજતાત, છે સૌમાં તે વિખ્યાત.
કરે મનુષ્ય દેહની ઘાત.
ધરીને પ્રેમ, રાખવા ક્ષેમ, વીચાર એમ, વિઘ્ન દુર ટાળી. બીલ.
જો નહી માને મન તારૂં, તો નહી નીપજસે સારૂ.
વૃક્ષછે દુહોય અકારૂ, તેમ માણસને હુ મારૂ.
નહી જોઉ સારૂ નઠારૂં, નહી દીલમાં દયા વિચારૂ
સીંહ સર્પથી અમે નવડરીએ, લોકોની ઘાતો કરીએ.
ધનમાલ સર્વના હરીએ.
ન ધરીએ દયા લગાર, અરે ગમાર, મન વિચાર, પરણ પ્રેમ ધારી.

શ્રેણીક— શચીવ થઈને શું. એ રાગ.

શું સ્ત્રી હઠ પકડીને તું, આજે અહીંઆં બેઠીછે,
સમજ સમજ મન, રાખ કાંઈભાન તન. શું સ્ત્રી હઠ.
કરતું સબુર નારી, બેસતું ધીરજ ધારી,
આવે દીન સુભ કારી, કરીએ લગન સારી,
હાલ તારૂં કામ કર, રહું તુજ આજ ઘરી,
જાને તુંતો હર ફર, મન મારૂં કરૂં થર,
સમરૂ હું ઇશ્વર, શીરનામું જોડી કર,
પછી આવું તુજ ઘર, શું સ્ત્રી હઠ પકડીને.

(ઘણા દીવસ રહી લાગ સાધી ત્યાંથી નીકળી પડેછે. ત્યાંથી ચાલતાં બેનાતટ પુરી આવી પહોંચેછે. ને શહેરમાં જતાં ધનાવહ શેઠની દુકાન આવેછે ત્યાં તેમને ઓળખ્યા વગર શેઠ આદરમાન આપેછે તેથી તે કહેછે.

શ્રેણીક. લટકે મટકે જાવું લડવા, એ રાહ.

શેઠ શાણા શાથી જાણી, આપો મુજને આદરમાન,

નહીં ઓળખો નહીં પારખો, એકદમ કેમ આપો માન. શેઠ
નથી પ્રીત તમારે મારે, લાગેછે ભુલ્યા દીલ ભાન;
આંખ ઉઘાડી સામુ જુઓ, હું છું પરદેશી ના દાન. શેઠ

ધનાવહ. કરો ફીકર ન કાંઇ તમે મન, મારા દીલમાં છે શુદ્ધશાન.
સ્વપ્ને સર્વે વાત જાણી. તેથી આપ્યું આદરમાન. કરો.
ખાઓ પીઓ ને મોજ ઉડાવો, માની સર્વે આપ મકાન;
ધનમાલને અખુટ ખજાના, સોપું આજથી હે ખાનદાન. કરો.

(ત્યાં પોતે રહેછે. પછી પોતે વિચારેછે કે આંહી રોટલા ખાઈ બેસી રહેવુ ઠીક નહીં, માટે હવે બીજે કાંઈ જવુ વધારે સારૂં છે, એમ ધારી શ્રેણીક શેઠ પાસે રજા લેવાને જાયછે.)

શ્રેણીક. **ગજલ.**

આપો શાહ, રજા મુને, દેશ જવાની. ટેક
તલશેતન, હેસજન્જન, વિચારો મન,
હરામ પીવુ પાણી, આપો શાહ.
મુજ વિના, પીતા માતા, મારાં ટળવળે;
કળ ન વળે, દેહ દુઃખે જળે, આનંદ વધે મળે,
આજ્ઞા મુને જોઇએ, વિદાય થવાની. આપોશાહ.

ધનાવહ. તમને પ્યારી શું કહું. એ રાગ.

શ્રેણીક શાણા આ શુ વદોછો, વદતા કેમ સરમ નહીં થાએ;
અમને છોડી જાવુ તમારે, દુઃખ એ લાગે કેમરે ઓછું;
પુત્ર પ્રમાણે માની લીધો, આખર આશું વાત બકોછો. શ્રેણીક
જાવાનું નહીં મનમાં લાવો, ચેન બાજી અહનિશ ઉડાવો;
આશા રાખો નહીં જવાની,

શ્રેણીક..................શામાટે મને દુઃખી કરોછો. શ્રેણીક

[ઘણી રગઝગ કર્યા પછી]

ધનાવહ—શ્રેણીક શાણા આશું વદોછો.

શ્રેણીક. મન માન્યું જો કરતા ધ્યોતો, રે'વા ધારૂં મન;
અર્પું આપને તન, હે શાણા સજ્જન. મન માન્યું.
ઠામ ગામ નવ પુછો મારૂં, નવ પુછો માત તાત;
તો થઈ રહું શાંત, છોડી કલ્પાત મન માન્યું.

ધનાવહ- લે તીજોરી કેરી કુંચી, સોંપુ સઘળું ધન;
વાવર ચાહે મન, થા પ્યારા પ્રસન. લે તીજોરી.

(પછી પોતે રહેછે. એક સમે ધનાવહ શેઠ તથા શ્રેણીક દંતધાવન કરવા બેઠાછે, ત્યાં સુનંદા જળપાતર આપવા આવેછે. એટલામાં શ્રેણીકને જોઇ તે તેનાઉપર મોહિત થાયછે. પછી પોતાની ખાનગી બેઠકમાં સખી સાથે કેટલીક વાતચીત કરેછે. પછી શ્રેણીકને વરવાનો નિશ્ચય કરી તે દાસીને જણાવે છે.]

સુનંદા--એવીરે રંભા જાણી જાવા કેમ દઇએ. એ રાહ.
કહોને આત્રો, કેમ પ્રીતમ નવ વરીયે. ટેક.
રૂપ ભૂપના જેવું દીસે, કામદેવ અવતાર;
બત્રીશ લક્ષણ ભરપુર જેમાં, સદગુણના ભંડારરે. કહો.
એ વીણ અવર પુરૂષને જાણું, પીતા બંધું સમાન;
ના વરે તો સંજમ લેવું, કાંતો છોડુ પ્રાણરે. કહો.
પેખ્યો ત્યારથી મન હર્યું મારૂં, સુજે ન મુજને કાંઇ.
પરણું ક્યારે એને પ્રીતે, થાયે મનમાં કાંઈરે; કહો.

સુશીલા-- **સારંગ ગજલ.**
આપનું કે'વું છે બેની, સત્ય સત્ય સત્ય;
ઈશને આરાધવાથી, રાખશે તે પત્ય. આપનું.
કરો ન ફીકર તમે, બાઈ મારાં આજ;

સબુરીથી સર્વ થશે, આપ તણું કાજ; આપનું.
ઉતાવળથી પાકે નહીં, આંબા કોઈ દન;
રૂતુ આવે સર્વ થાયે, ફળ ફુલ અન્ન. આપનું.
માટે ચિંતા દૂર કરી, જણાવોને માત;
જેથી વિઘ્ન દૂર થઈ, કાર્ય પુર્ણ થાય. આપનું.

સુનંદા--તુ ન કુમલાજી અરવા ઓ પીતા મોરા. એ રાહ.

સત્ય વાત છે તારી, ઓ દાસી મારી, સત્ય વાત છે તારી;
જણાવું માતને મારી, ઓ દાસી મારી, સત્યવાતછે તારી.
શરમ રાખેથી ધર્મજ ચુકું, (૨) ઝટ જાઉં આ વારી (૨) ઓ દાશી૦
પ્રગમ વાત મુજ તાત જણાવું (૨) ઉરમાં આનંદ ધારી. (૨) ઓ૦
પછી તાતને પ્રીતમ સાથે (૨) ઉચરૂં સમય વિચારી. (૨) ઓ દાશી૦

સુશીલા--માતા આવેછે જુઓ પેલાં તમારાં. (૨)

સુનંદા-- ... ...ઠીક થયું આવારી. (૨)

(સુનંદાની માતા પ્રેમકળા આવીને, સુનંદાને ઉદાસી થવાનું કારણ પુછેછે.]

પ્રેમકળા--દીલદારી કોનીરે. એ રાહ

પુત્રી પ્રાણાધાર, કેમ છે તું ઉદાશી;
નહીં અમુજને, કહું છું તુજને,
કહે ને મુજને, સત્ય તું અવાર. પુત્રી૦
શા દુઃખે દાહે છે દીલને, ખોલી દે મુજ પાસે મનને
જેથી કે'તાં, સે'તા, સુખ પામે તું તો સાર. પુત્રી૦

સુનંદા--માઠુ લગાડો તો મારા સમછે સલુણીરે. એ રાહ

સુણોને માતુશ્રી મારી, વાત દીલ ધારીરે;
શરમ તજીને કહું, વાત હું આ વારીરે. સુણો૦
થઇ ઉમર મારી, કંથ યોગ સારીરે

તેથી સોચ થાય મુને, બહુ મન ભારીરે. સુણો૦
વેહા નળ ખળ જાળ,દળ ચઢી આવ્યું રે;
ખમાય ન મુને કાંઈ, શોક શું સમાવુંરે. સુણો૦

प्रेमकळा—કહી પીતાને તારા, કંથ હું શોધાવુંરે;

सुनंदा—તૈયારછે માતા મારી, નથી શોધે જાવુંરે સુણો.

प्रेमकळा—બોલ બોલ બાળા મારી, કીયો કંથ ધાર્યો રે;
નામ ઠામ શું છે તેનું, કહે આણી વારેરે. સુણો.

सुनंदा-- ગીતી

સુણો માતા મારી, નામ ઠામ ને ગામ નવી જાણું;
વસે આપણા ઘરમાં, પ્રીતે પારખ્યું શાહ.ઘ મેં નાણું.
અવર પુરૂષ એનાથી, ભ્રાત તાતના સમહું પ્રમાણું;
મોઝ મઝા સુખ શાંતી, એના હસ્તે અપાર હું માણું.

प्रेमकळा—ઝટ અહીંથી હું જઇને, તાત તારાને વાત હું જણાવું.
ચીંતા નવ કર એની, શાણી શોભે નહીં કરવું આવું.

[ત્યાંથી પ્રેમકળા જાયછે ને સાંજની વખતે ધનાવહ શેઠ તથા શ્રેણીક બંને સાથે જમવા બેઠાછે, ત્યાં પ્રેમકળા સુનંદાના વીવાહની વાત ઉચારેછે.)

प्रेमकळा- કલ્યાણ.

સુણો સ્વામી માહરા, વાત દીલ ધરી;
પરણવાને યોગ થઇ, આપ દીકરી. ૨૬

धनावह—પ્યારી તું શું કહેછે મુજને, મુજ મનમાં છે વાત;
તેના લાયક વર સોધુંછું. રાખી દીલમાં ખાંત.

प्रेमकळा—અવર પુરૂષના સમ ખાધા છે, વરવું શ્રેણીક નર;
પ્રીતે કરી પરણાવો પુત્રી, પ્રીત મહર ખબર.

धनावह—ખુશી હોય જો પુત્રી પરણવા, તો મુજને નહીં કાંઈ;
શું વિચાર શ્રેણીક નર શાણા,

श्रेणीक—........................આમ વદો શું આંહી.
આપ તણી પુત્રીને પરણવું, એ નહી મુજને યોગ;

सुनंदा—ખુશી છું તમ સાથે વરવા, નહીંતો લેવું જોગ.

श्रेणीक—પ્રિછયા વિણ પુત્રીને આપો, હે ધનાવહ શાહ.
નથી ઠામ ઠેકાણું મારૂં........................

धनावह— ... ... શું બોલોછો વાહ.

(ઘણી રીતે સમજાવેછે, પણ શ્રેણીક પરણવા ના કહેછે તેથી.)

धनावह—પાટણના નૃપ નથી તુજ મોહોલે. એ રાગ.

શા માટે ના કહો શ્રેણીકનર, પરણવા નારી. ટેક.
આ વાત નથી સારી, કરોછો છોકર બુધ ભારી;
ઘટે નહીં એ શાણા નરને, આપ જુઓને વિચારી. શા માટે.
ખુશી થઇ પુત્રી હું આપું, ધન માલ સર્વ સાંપું;
પછીથી ઇશ હુંજ જાપું, એવી મે વાત દીલ ધારી. શા માટે.
તમે પ્રીતે કરી લગન, પછી હમેશ રહો મગન;
કદી નહીં ઇશ આપે વિધન, એવું હું માગું હરખ ધારી. શા માટે.
ના કહો તો મારા સમ, પ્રીતેથી વરો પુત્રીને તમ.

सुनंदा—મરૂં વિખ ખાઈ હું પ્રીતમ,

श्रेणीक........................કરો ન ખેંચતાણ ભારી. શા માટે.

(પછી શુભ દીવસ જોઈ લગ્ન કરેછે)

नीतीसींह—નિર્બળ શત્રુ સબળ રાજપર.—એ રાગ.

શ્રવણ કરો સચીવા મુજ વચનો, પ્રેમ ખરો દીલ ધારીને;
મમ પ્રજા સુખી કે દુઃખી, કહોને અત્ર વિચારીને. એ ટેક.

પામે ન્યાય કેવી રીતે, પાળે આજ્ઞા કેવી પ્રીતે; (૨)
લોકો સુખી કેવા વિતે, વર્તે કેવા તે સુનિતે; (૨).
તે કહોને ખચિતે, મમ પાસ ધરી પ્રીતે; પામે. શ્રવણુ.
કળા કૌશલ્યનો સાર, ચોર લંપટ ને જાર, (૨).
ખંડીઆ કે તાબેદાર, કેવા કહોને આવાર; (૨)
વર્તે કામદાર યાર, કહો કરીને વિચાર; કળા શ્રવણુ.

સુમતિદત્ત—શી રીતે કહો લેવાં તમોને સંગ—એ રાગ.

સાંભળોને વાત નૃપતિ આજ,
પ્રજા સુખીછે આપની મહારાજ;
વિદ્યા કળાનો પાર નથી કાંઈ સુણો તમે નામદાર,
ચોર જાર લંપટને કાઢી,
વરતાવ્યું મહારાજ મહારાજ; સાંભળો.
ખંડીઆ ભરે ખંડણી સારી,
ન્યાય પામે પ્રજા સુરીતે આણુ આપની હીત વિચારે;
વાજે વાજાં કીર્તિ તણા મહારાજ, સાંભળો.

(રાજા પાસે શુકસંબોધક વણુઝારા જનનુરી માગેછે તે આપવા હા કહેછે પણુ પોતાના ખજાનામાં નથી તેથી શી રીતે કરવું તે પ્રધાનને પુછેછે.)

નીતિસીંહ—એવું અભિમાન અહીં નવ ચાલે.—એ રાગ.

કહો પ્રધાના કરવું શું મારે, વિચાર થાયછે દિલ ભારે. કરવું.
આશા એની નવ પુરીએ તો, લાજ જાય મુજ આ વારે. કરવું.
નથી આપણા ઘરમાં તે ચીજ, કેમ કરીશું કહોને ત્યારે. કરવું.

સુમતિદત્ત—કરો ન ફીકર કાંઈ તમે નૃપ, એક ઉપાય છે મન મારે.
હશે કોઈની પાસે નગરમાં, નક્કી ભાસે મન મારે;

નિતિસીંહ—મળે તે શી રીતે આપણુને, બતાવો હિકમત આ વારે. ક.

सुमतिदत्त—ફેરવો ડુંડી આપ નગરમાં, મળી આવશે કોઈ ત્યારે.

नितिसींह—શાબાશ શાબાશ ધન્ય પ્રધાના, ઠીક યુક્તિ બતાવી બારે.

[એમ પછી રાજા નગરમાં ડુડી પીટાવેછે ડુંડીવાળો બજાવતો બજાવતો બજારમાં આવેછે. ત્યાં થઇને શ્રેણીક તથા ધનાવશાહ બન્ને જણ જાયછે. તે આ ડુંડી સાંભળી રાજ્ય કચેરીમાં આવેછે એટલે તે ડુંડીનું કારણ પુછેછે.]

धनावह—**મેરે ગમકા તરાના, શુણીએ ફીશાના.—એ રાહ.**

કેમ પ્રસરી ઉદાશી, સુખ વિલાશી, કહોને મુજને આજ;

શાની ડુંડી પીટાઈ, નગર માંહી, કહોને મુજને આજ.

मीतीसींह—આવ્યો છે વણઝારો એક, લક્ષ પોઠો લઈ;

સર્વ તે આપીને માગે, જન નુરી સઈ.

સુણો શાહ આ વારી, વાતજ મારી; સાચી સારી,

માનો સર્વે આજ.

धनावह—કરો ન ફીકર કાંઈ તમે મન, ભાગ શિરના તાજ;

મટાડુ મનો વેગ હું જલદી, મોકલો મમ સાથ રાજ;

પ્રીતે પ્રેમજ ધારી, ઉર વિચારી, દુઃખ વિસારી,

સુખી રહો શિરતાજ.

રાખું લાજ હું રાજ તમારી, નૃપ પ્રજાના પાળ;

આપુ વસ્તુ એ વણજારાને, મનમાં ધરી તે વાલ;

આપુ તુચ્છ હું ધારી, કરો તૈયારી, દુઃખ વિસારી, સુખી.

सुमतिदत्त—શાબાશ તુમ જનુનીને આપું, હે વા'લા વણીક વીર;

તુમ જેવા નર જાણજો જગતમાં, રાખે અવરનું નીર;

રાખી લાજ અમારી, કીર્તિ પ્રસારી, સાચી સારી, માનો.

नीतिसींह—આજથી થાપુ મારા નગરના, તમને નગરશેઠ;

સારી શેઠાઈ ચલાવો, માફ કરૂં કર વેઠ.

પ્રીતે મુજ દીલ વિચારી, હરખ ધારી, સાચી સારી; મા.

(ત્યાંથી ધનાવહ શેઠ શુકસંબોધક નાયકને જનનુરી આપવા પોતાના આવાસે સાથે લઈ જાયછે. ને ઘેર ગયા પછી શ્રેણીકને તથા શુકસંબોધકને સાથે બેસારી પોતે જનનુરી લેવા જાયછે. હવે શુકસંબોધક નાયક શ્રેણીકને ઓળખે છે ને તેના બાપનું નામ તથા ગામ કહેછે તેથી તેને ક્રોધ કરી ઠપકો આપેછે.

શ્રેણીક—માર માર તરવાર ઉભો જુએછે શું ?—એ રાગ.

ચુપ ચુપ વણઝારા આ તું બોલેછે શું ?
બોલેછે, બોલેછે, બોલેછે શું ! ચુપ.
નથી દીઠી મેં રાજગૃહી નગરી,
શ્રીપ્રસેન તુજ મુખ સાંભળું છું હું. ચુપ.
દીઠો હશે ત્યાં મુજ જેવો,
વિચાર્ય મનમાં ભુલેછે તું. ચુપ.
પકડો રસ્તો તમે અહીંઆંથી,
બેસશો જરા ન આંહી કહું છું હું. ચુપ.

શુકસંબોધક—

કરો ન ક્રોધ મુજ ઉપર શાણા,
ફરી કહેવાનો નીમ લહું છું હું ચુપ.
કૃપા કરી આપો વસ્તુ તે મુજને,
મુજ દેશ જાવા ચહું છું હું. ચુપ.

(ધનાવહ શેઠ પાસેથી જનનુરી લઈ શુકસંબોધક નાયક રાજાની રજા લેવા જાયછે.)

શુકસંબોધક-રજા આપો માતુ શ્રી મને રણમાં જવાની એ રાહ

માગું છું રજા હું આજ આપો દિલધારી;
આપો દિલધારી, પ્યારા ઉરમાં વિચારી. માગુ.
આપના પ્રતાપે રાય, પામીએ વિજય;

પામીઓ વિજય, પ્યારા પામીઓ વિજય. માગુ.
મન ધારી વસ્તુ પામ્યો, દેશ જાવા ચાહું;
આજ્ઞા આપો જાવાતણી, તો ખુશી હું થાઊં. માગુ.

नीतिसींह—**કહુ શું નશીબે દુખીઓ કીધોછે. એ રાહ.**

જાઓ ખુશીથી રજા આપું પ્રીતે, માનજો ઉપકાર ધનાવહચીતે. જા
આપનું કાર્ય થયું તેથી પામ્યો, આનંદ અધિકો મનમાંહીતે. જા
કલ્યાણકારી થયું તમ કાર્ય, એવી આશીશ આપું તમને હું પ્રીતે. જા
બાળ બચ્ચાને સુખી તે કરજો. ધરજો હરીનું નામજ નીતે. જા

शुकसंबोधक—**પ્રાણ પ્યારા વા'લા મા'રા છેલ્લા પ્રણામ. એ રાગ.**

વારૂ વારૂ સાહેબજી, છેલ્લા પ્રણામ;
છેલ્લા પ્રણામ, પ્યારા છેલ્લા પ્રણામ. વારૂ
પ્રણામ પ્રીતે કરૂં રાયજી. પ્રધાનજી પ્રણામ;
ધનાવહ શ્રેણીક શાણાને, પ્રીતે કરૂં પ્રણામ. વારૂ
પ્રણામ પ્યારા ધર્માસનને, સેનાપતી પ્રણામ.,
પ્રણામ મારા સર્વ સભાને, દેશ તણે પ્રણામ. વારૂ

[એમ કહી શુકસંબોધ વિદાય થાયછે. ને ધનાવહ શેઠને પુષ્કળ ધન આલેલું જાણી ગુમાસ્તા તથા ખેડુત વગેરે આવી અરજ કરેછે.]

सौ— **ઇંગ્લીશ એ રાહ.**

વણીક વીર્યછો વિશાલ, અમે છીએ તમારાં બાળ;
દુઃખ કાપોને નિતીપાળ, વધશે કીરતી ઠારો ઠાર.

જા. ૧ પુત્રી મારી મોટી થઇ, પૈસા પાસે મળે નહીં;
કહો સહી કેમ પરણાવું, શેઠ શાણા સાહુકાર.

सौ—વધશે કીર્તી ઠારો ઠાર.

જા. ૨ કરી ગુમાસ્તી ઘણા વરસ, ઇનામ આપો ધરી હરખ;

सौ—કીર્તિ ગાઉં મુખ સરસ, શેઠ શાણા સાહુકાર.
વધસે કીર્તી ઠારો ઠાર. ૨

જા. ૩ હવેતો કાંઈ કરો મહેર, જેથી થઇછે લીલા લહેર.
પીડા ટાળો મારી સુપેર, શેઠ શાણા સાહુકાર.

सौ—વધશે કીર્તી ઠારો ઠાર ૩

सौ— સુણોને શેઠ અમારી અર્જ,
જા. ૪ પડીછે આજ તમારી ગર્જ;
જા. ૬ સરકારનું માથે છે કર્જ,

सौ— શેઠ શાણા શાહુકાર વધસે કીર્તી ઠારો ઠાર.
જા. ૫ કેમ કરીને આપીએ શેઠ,
જા. ૬ પકડે રાજા અમને વેઠ;
જા. ૪ ખાવા ન મળે પુરૂ પેટ,

सौ—શેઠ શાણા શાહુકાર, વધસે કીર્તી ઠારો ઠાર.
જા. ૬ કરો મહેર અમારા પર,
જા. ૫ ખુશી થઇને જઇએ ઘેર;
જા. ૪ દયા લાવી કાંઇ આપો જર,

सौ—શેઠ શાણા શાહુકાર, વધશે કીર્તી ઠારોઠાર.

धनावह ગીતી.

સુણો મુનીમ મમ વચનો, આપો સૌને મોં માગ્યું નાણું;
નહીં દુભાવતા કોઈને, શુભ દીવસ હું આજે પરમાણું.

मुनीम—હુકમ શિર ચઢાવી, જઊ આપવા અંદર હું નાણું;
धनावह—હા અંદર જઈ આપો, ...

रसोइओ—.................સાબાશ શેઠજી ચાલો તૈયાર ભાણું.

(સર્વેને ધન આપી ખુશી કરી વિદાય કરેછે).

(સુનંદા સગર્ભ છે, તેથી તેનું શરીર કાયલી થયેલું છે તેથી લથડીયાં ખાતી ખાતી આવેછે. તે જોઈ શ્રેણીક પોતાની સાસુને પુછેછે.)

श्रेणीक— **દેખી તેરી વફાદારી એ રાહ.**

તમે સુણોને મમ સાસુ, હું નજરે દેખું આ શું !! તમે
આમ શાથી થયા છે હાલ, ચાલે કેવી ચાલ;
દુઃખ વિશાળ, કહો સૈ ખાસું. તમે.

प्रेमकळा—હું જાણું નવ તો કાંઈ, કહું શું આંહી;
છાંય દુઃખ છાંઇ, કહે મને બાશું. હું નજરે

सुनंदा—મુને ઉપજ્યો અભિલાખ એક, અણઘટતો છેક;
કહું ન ધારી ટેક, બને નહીં કાંસું.

प्रेमकळा—........................હું નજરે દેખું આશું.

श्रेणीक—કહો ચીંતા તજીને નાર, અરે આવાર;
કરવા તૈયાર, ઝટ અમે થાશુ. હું નજરે

सुनंदा—મારી પ્યારા દાશીઓ નયણે નીરખો એ રાહ.

સુણો માતુશ્રી મારાં, સ્વામીજી સારા; મારા મનની વાત.
નહીં બને તમથી, કહુંછું ખરે ખાત;
કોટી ઉપાયે, નહીં થાયે, મારા મનની વાત. સુણો

प्रेमकळा—કહેને બેની, મનની મુકીને વાત;
સૈ શુભ થાયે, કોટી ઉપાયે, બનાવીશું એ વાત. કહેને

सुनंदा—સાંભળો કર્ણ, કહું છું અથ ઇતિ વાત;
રાયના ગજપર, બેસુ હરખભર, થઇને હું તો શાંત. સુણો
આગે કુંવર, સુખ પાલ બેસી માત;

તેની આગે, સૈન્ય સંગાતે, હીંડે સર્વ ભયાત. સુણો
ફરી પડાવું, અમર પડહસાદ;
જો એમ થાય, સુખી કાય, થાય મારી માત. સુણો

શ્રેણીક—પુર મનોરથ, ઉગતે હું પરભાત;
સાંતી ધરને, દુઃખ દૂર કરને, રહે સદા રળીઆત.

[ત્યાંથી દુકાનનો વખત થવાથી, આ સાંભળી ઉદાસી ચહેરે મનમાં વિચાર કરતો દુકાને જાયછે, ને શ્રેણીકનું મુખ ઉદાસી થવાથી ધનાવહ પુછેછે.)

ધનાવહ—મુજ ઉપર ગુજરી. એ રાહ.
કેમ પ્રસરી ઉદાશી, મુખપર આને તમારા;
શા દુઃખે દાહોછો દિલ, હે મમ પ્યારા.

શ્રેણીક—શુણો ધનાવહ શેઠ, ચીંતાછે ભારી;
ઉપજ્યો છે અભીલાખ એક, પુત્રીને તમારી,
નહીં કોટી ઉપાયે, પુરો થાય મમ પ્યારા;
કેમ કરી તેહનાં દુઃખડાં કરવા ન્યારા.

ધનાવહ—શું છે અહીઆં એ વાત મનેતો જણાવો.

શ્રેણીક—જઇ તમે રાયની પાસ, આમ સુણાવો.
તેના આસનનો ખુદ, ગજ અહીં લાવો;
સુખપાલે બેસારી, કુંવર અહીં લઈ આવો.
પુરણ ભપકાથી, તેના આગે સૈન્ય ચાલે;
ગજપર બેસીને, આખા શહેરમાં માલે.
પુરણ પુરતાં તે, અમર પડો વજડાવે;
એવો છે તેનો વિચાર, કહો કેમ ફાવે.

ધનાવહ--પ્યારીને છોડી દીલ્લી જાવું છે કઠીન. એ રાહ.
ઉદ. તો ધરો, શાને તમે શુરવીર. ટેક

બતાવું એક ઉપાય ખરો હું, શુણો તમે શુરવીર ઉદાશી.
અમુલ્ય રત્ન જે તમ પાસે, તેનો ઇલાજ કરો વીર. ઉદાશી
આ પુર કેરા નૃપની કુંવરી, દેખે ન આંખે લગીર. ઉદાશી
જાઓ સભામાં રાય રીઝાવો, માગીલ્યો એજ ધરી ધીર. ઉદાશી

(શ્રેણીક આ સાંભળી રત્ન લઈ, રાજાની પુત્રીને આંખે સારૂ કરવા રાજ્ય કચેરીમાં જાયછે. ત્યાં રાજા તેને આવકાર દેછે.)

નીતિસીંહ— મામા આવો જુલમ શું સહન કરોરે. એ રાહ

આવો આવો શ્રેણીક નર બેસો આંહીરે. (૨)
તમે બેસો અહીંરે મન ખુશી થઇરે;
તમ આવે મને સુખ છાંય છાંઇરે. આવો
પુછું સુખ સાતા, કહો થઈ નિરાંત;
ભ્રાંતી ન મનમાં તમે લેશ ધારીરે આવો

શ્રેણીક—છું આપ પ્રતાપે રાજા સુખી આંહીરે. [૨]
છું સુખી આંઇરે, નથી દુખ કાંઇરે;
શાને મુખ દીસે આજ દુઃખ છાંઇરે. છું આપ

નીતિસીંહ—ભારી છે મન દુઃખ, ઘડી ન પામું સુખ;
કીધાં હજાર ઉપાય તો ન થયું કાંઇરે. આવો

શ્રેણીક—કહો તે શું છે દુઃખ, સર્વ રાજ્યમાં પ્રમુખ;
ભાગુ હું તમ ભુખ જે છે દુઃખદાઇરે- છું આપ

(નીતિસીંહ કહેછે કે મારી પુત્રી પરણવા યોગ્ય થઇ પણ અંધ હોવાને લીધે કોઇ પરણતું નથી તેથી હું ઘણો અકળાઉછું માટે તેનો કાંઈ ઉપાય કરો.)

શ્રેણકિ—તારૂણી તુજથી નથીરે જુદાઈ. એ રાહ.

દીલગીર નવ થાઓ. નરપતી મારા, કાપું દુખડા હું આજ તમારા;

બોલાવો મમ પાસે તમ પુત્રી પ્યારા;
પુણ્ય પસાયે લોચન થાય સારા. દીલગીર
જોઉં હું મમ નજરથી આજે, કેવી રીતે ચક્ષુ બંધ કીનારા. દીલગીર
[રાજાની પુત્રી તેડાવીને બંને આંખો જોઈ રજ ફેરવ્યું, તેથી તે એ કદમ દેખતી થઈ. આ જોઇ રાજા ખુશી થઇ શ્રેણીકને કહેછે.]

નીતીસીહ---રાજાજીરે કયાં જાવુંછે મધ રાતે એ રાહ.
માગો મુખથીરે, આપવાછું તૈયાર, કાપ્યું મમ દુઃખ આવાર;
નોતો જાણતો રે આવું તમ પાસે યાર, તમે કીધો બહુ ઉપકાર,
(ઝુલ) આપ્યો નવો અવતાર આવારરે, કાપી દુઃખ કીધો સુખકારરે;
તમે મમ હૈયાના હારરે, શું વર્ણવુંરે આનંદ મનનો અપાર મા.
શ્રે—નહીં જોઈએરે મહારાજા મુને કાંઈ; સર્વ વાતે સુખી હું આંહી
નીતીસીહ—માગો માગોરે મારા રામ દીલદાર. હું આપવાછું તૈયાર.
શ્રે—[ઝુલ) તમ આગ્રહે માગુ આ કામરેકરો મહેર મારા પર સ્વામરે
ની—બોલો વીર વણીક શું કામરે, છું કરવારે હું તૈયાર આવાર. મા.

શ્રેણીક રાજા પાસેથી સુનંદાના અભીલાખની વસ્તુ માગી તે રાજાએ આપી તે લઇ પોતાને ધામ જાયછે. ને તેજ દીવસે સુનંદાનો અભિલાખ પુરો કરેછે ત્યારબાદ કેટલેક મહીને સુનંદાને કુંવર અવતરેછે. તેની વધાઇ દાશી જ્યાં ધનાવહ શેઠ તથા શ્રેણીક બેઠાછે ત્યાં કહેછે તેથી શેઠ તેને ઘરેણાં તથા સાડી આપવાનો હુકમ કરે છે પછી એક ચાકરને જોશીને બોલાવા મોકલેછે. એટલે તે જોશીને તેડીને આવેછે. ને શ્રેણીકના કુંવરના ગ્રહ જોવરાવી જન્મોતરી કરવાનું કહેછે].

જોશી **ગીતી.**

શુણો શેઠજી શાણા, જનમ્યો કુંવર ચોઘડીએ સારા;

વધારશે કીર્તી તે, રાખશે કબજે પોતે સૌ ધાગ.
અભય કુમાર નામ આવે, પાડા વા'લા પ્રેમ ધરી હાલ;

ધનાવહ—આપો આ જોશીને, કડાં, પાઘડી, શેલાંને સાલ.

શુકસંબોધક બેનાતટ પુરી નીકળી ફરતો ફરતો રાજગ્રહી નગરીમાં આવી પહોંચેછે. અને શ્રીપ્રસેનના દરબારમાં જઈ શ્રેણીકની હકીકતથી જાહેર કરેછે].

શુકસંબોધક—પ્રીય મીત્ર વિના હો ભાઇ એ રાહ.

કેમ દીસે નવાણું કુમાર, સો મો પુત્ર કયાં સરદાર. ટેક.
કૃપા કરી કહો આવાર, ચાહું કુશળ આપ આવાર;
નહીં અસત્ય વદો તલ ભાર, કેમ દીસે નવાણું કુમાર.

શ્રીપ્રસેન—રંક ઘેર કેમ છાજે રત્ન, રાખીએ કરીને બહુ જત્ન;

શુકસંબોધક—કેમ આમ વદો હે ભુપાળ, કેમ દીસે નવાણું કુમાર.

શું થયું બાળને રાજ, પામ્યો મૃત્યુ કે ગયો વનમાંજ;
તે સુણવા છું તૈયાર, કેમ દીસે નવાણું કુમાર.

શ્રીપ્રસેન—નથી પામ્યો મૃત્યુ તે બાળ, કાઢયો વન ચડયો મુને કાળ;
હવે કયાં મળે તેની ભાળ, નથી પામ્યો મૃત્યુ તે બાળ.

શુકસંબોધક—શા વાંકે કાઢયો તમે વન, કેમ તરછોડયો નાથજી તન;
કહો પ્યારા મારા આ વાર, કેમ દીસે નવાણું કુમાર.

શ્રીપ્રસેન.—મંડપ રચ્યો આજ એ રાહ.

કરી પુત્ર પરીક્ષા મેં ભાઇ, જોવા ચતુરાઈ. (૨)
દેખ્યો શ્રેણીક ગુણવંત, અન્ય પુત્રો લાવશે અંત.
તે જાણી ક્રોધ મેં કીધો, તેને દેશ વટો દીધો
તેને મૃત્યુએ નથી લીધો, ભાળ લાગે તો હું સાધો.
બોલાવું તેને આંહી, જોવા. ૧

(શુકસંબોધક તેની ભાળ બતાવેછે. કે શ્રેણિક બેનાતટપુરીમાં ધનાવહ શેઠને ત્યાં રહેછે. તે શેઠની પુત્રીને પરણ્યા છે અને આખા શહેરમાં વાહ! વાહ ! બોલાયછે. અને તે સાંભળી શ્રીપ્રસેન કહેછે કે પુત્રતો તે ખરો કે જેણે મારૂં વેણ લોપ્યુ નહીં અને પરદેશમાં પણ રૂડુ નામ કાઢયું)

शुकसंबोधक—હે પ્રભુ પ્રારબ્ધની શી ગતી. એ રાગ.

પામ્યો આપ પુત્ર પ્રતાપથી, રાજા આમ પુર્ણ સુખરે;
શી રીતે સાટુ વાળુ હું, ઉપકાર કેટલો દિલ લહું;
જો આવેતો વિશ્વાસતો, મોકલો માણુસ તમે ત્યાં કહું.
ધન્યછે રાજન આપને, ધન્યછે તેની માતને;
જનમ્યો છે પુત્ર આવો નૃપ, તમ દ્વાર ફેરે તાતરે. પામ્યો

श्रीप्रसेन— જા કહેછે સત્ય તો, આપું હેતે વધામણી;
જાઓ તેડી લાવો ત્યાં થકી, જોવા તેને મને હુંશ ઘણી.

नवाणुपुत्र—હાહા પીતા મોકલો, તેડવા અમ ભાઈરે;
અમે ઇંતેજાર છીએ સહુ, જોવા ઝટ એને આંહીરે.

(શ્રીપ્રસેન પત્ર લખી શુંકસંબોધકને વિદાય કરેછે. તે બેનાતટ પુરી જઈ શ્રેણીકને તેના શયનગૃહમાં આપેછે. તે પત્ર સુનંદા સાંભળે છે તેમ વાંચેછે.)

श्रेणीक—માણેરાતું રોમા પુત્રજ માહરા. એ રાહ.

હે મમ પુત્ર આવતું વે'લો આ સમે,
પત્ર દેખંતા નવ રહો ત્યાં ઘડી એક જો;
તુજ વીણ તન હું બહુ બન્યો છું બાવરો,
સુખ પામું આવો ધરી વિવેકજો. હેમમ
પરદેશી થઇ નવ રે'વુ પરદ્વારમાં,
પેલે દા'ડે ગણે પરોણો તેહજો;

બીજે દા'ડે પાઈ પ્રમાણે માનશે
ત્રીજે દીને સઘળો તોરે નેહજો. હેમમ
વળી ન રે'વું સાસરીઆમાં આપણે,
કહ્યું સાસ્ત્રમાં રે'વું ત્યાં કનિષ્ટજો;
માટે વે'લો આવ પુત્ર તું આ સમે,
માની મારૂં વચન ન રોકાઈશજો. હેમમ

[પત્ર વાંચી શ્રેણીક ઉદાશ થાય તે જોઇ સુનંદા પુછેછે.)

सुनंदा **દક્ષણી રાહની લાવણી**

કેમ થયા ઉદાશ, પ્યારા આજ મારારે;
તજયું સુખ, ઉતર્યું મુખ, શું છે દુઃખ, ભાગુ ભુખ,
પુછે તમ દારારે, કેમ થયા.

श्रेणीक—શુણ પ્યારી મારી, આવ્યો પિતાનો પત્રરે;
તેડાવે ત્યાંય, મળવા ચાય, આપો રજાય, ત્યાં જવાય,
મળીને આવું અત્રરે, શુણ પ્યારી મારી.

श्रेणीक—ઢોરાંચારૂ અમે, છીએ પ્રાણ પ્યારીરે;
ગોવાળ જાત, પુછો શું વાત, પુત્ર માત, થઈને શાંત.
રહો અત્રે વિચારીરે, ઢોરાંચારૂ

सुनंदा—આમ શું વદો, પ્યારા પ્રાણ આધારરે;
વીસારી પ્યાર, કરો ધીકાર, શાનેઆવાર, જવા તૈયાર,
મુકો કોને આધારરે, આમ શું વદો.

[સુનંદાને ઘણી રીતે દિલાસો આપી પોતાના પીતાને પત્ર લખી શુકસંબોધક સાથે મોકલેછે. તે કેટલેક દીવસે આવી શ્રીપ્રસેનને આપેછે. પોતે પોતાની સભામાં સર્વને વાંચી સંભળાવેછે.)

શ્રીપ્રસેન—સ્વસ્તશ્રીય સ્નેહપુર શહેર સોભે સારૂ રે. એ રાહ

સ્વસ્તિશ્રીય રાજ ગૃહીગામ, મહાસુ ભસ્થાનેરે;
પુજ્યારાધે સુમોપમાછત્ર, તિરથરૂપ પ્રમાણેરે.
વાંચો શ્રીપ્રસેન તાત પ્રણામ, સેવકના આજેરે;
કહે કરજોડી શ્રેણીકદાસ, વિનવિ આજેરે.
પોચ્યો પત્ર સંબોધક સાથ, વાંચ્યો પ્રેમ ધારીરે;
આવીશ આપ પાસે ઝટ, હું આજ્ઞા કારીરે.
નવ ચીંતા કરોને તાત, દુઃખ દુર ટાળોરે;
સુખે રહી અહો શિરતાજ, રાજ સંભાળોરે.
આવીશ પછી પંદર દીન, આપની પાસેરે;
આપ ઉપર તાતજી રીસ, નથી ધરી દાસેરે.
લોપે શિખામણ માત તાતની, જે પ્રાણીરે.,
ગુરૂની લોપે જે શીખ, થાયે નક્કી હાણીરે.
આપે કીધું વચન જવા વન, શિરે ઝટ થાપ્યુંરે;
આપ પ્રતાપથી મુજ કષ્ટ, સર્વ કપાયુ રે.
કરૂં આપને હું પ્રણામ, વળી મુજ માતરે;
સર્વ સભાને પ્રણામ, વળી મમ ભ્રાતરે.
બેનાતટેથી લખીતંગ, શ્રેણીક તમ દાસરે;
કરો દોષ મારા સહુ દુર, માગુ તમ પાસરે

શ્રીપ્રસેન— (કાગળ વાંચીને] ગીતી.

૧ વાહ ! વાહ ! શી ચતુરાઈ. વાપરી પત્રમાં પુત્રે આજે;
વાર વાર હું વાંચું, પત્ર પ્રીતેથી ખુશી થવા કાજે.

(ફરી બીજીવાર અથથી ઈતિ સુધી મન સાથ વાંચેછે. તેમાં પંદર દીવસ પછી આવવા લખેલું તે જોઇ મનમાં રોષ લાવી બીજો પત્ર લખેછે.]

શ્રીમસેન—એડો બાઇ બુડતો તારો. એ રાહ.

લખુ શું તુજને હું ઝાઝું રે, લખંતા હુંતો લાજું. ટેક
પત્ર ઘણા પાઠવ્યા મેં પ્રીતે, નહીં ધર્યો કોઈ ધ્યાન;
માન ધરી મન શાને ફુલેછે, લાવ્ય જરી કાંઈ શાન. લખું
તુજ વિનાછે પુત્ર નવાણું, પણ તે પત્થર સમાન;
હીરો ધારીને ધર્યો હૈયે, તેથી લાવેછે ગુમાન. લખુ.
માન મુકીને ભાન લાવો કાંઇ, બેટા મારા ગુણવંત;
આવો વાલા તમે વેગથી આંહી, જાણો આવ્યો મારો અંત.લ.
તુજ વિના ઘડી એકરે મુજને, લાગે વર્ષ સમાન;
પણ તુને કાંઇ ન મનમાં અંત આવે,બાપ તરફનું ભાન. લ.
તુજ વિયોગ દહે મુને ભારી, તુજ વિણ જીવ અકળાય.
હરઘડી યાદ કરૂંછું તુજને, કયારે શ્રેણીક ભેગો થાય. લખુ.
આ પત્ર વાંચતા વાર તું આવજે, રોકાઇશ નવ ઘડી એક;
લખી શકતો નથી આથી વધારે, માનજે વા'લા વિશેષ. લખુ.

(પત્ર લખ્યા પછી શ્રેણીકને સંભારેછે. ને ઉંડા નિશ્વાસ નાંખેછે. ને એકદમ વિયોગવ્યાધી વધી પડી આસનથી નીચે ઢળી પડેછે. પ્રધાન વીગેરે ઘણા ગભરાયછે.]

પ્રધાન—પિયુને તજાવનાર વૈરી અહંકાર. એ રાહ.

જુઓ રાયને થયું શું, શાણાઓ સરદાર;
ભૂમી પર એકદમ, પડયા આણીવાર.
એકદમ રોગનોરે, જોગ રયો લાગ્યો;
જુઓ અંગુઠો રાયનો, ભાઇરે ભાગ્યો.
શરીરે છોલાયું જુવો, વૈદ બોલાવો;
દોડો દોડો જલદી કોઇ, ઝટ લઇ આવો.

[પછી સેવક વૈદને બોલાવેછે તેને પ્રધાનજી કહેછે.]

निर्मळशाह—ગઇ માતુ મારી, જવું તેની પાસે. એ રાહ.

જુઓ જુઓ વૈદ્ય, રાયને શું થયું છે;
શાથી સરવ સુખ, ઉડીરે ગયુંછે. જુઓ.
શો રોગ પેઠો, પ્રજા પાળ અંગમાં;
એક દમ આશું, રાયને થયુંછે. જુઓ.

[રાજાની નાડી તથા સર્વ અંગ તપાસી.)

वैद्य—દરસન બીન અખીયાં તરસ રહી. એ રાહ.

નથી રોગ બીજો, કોઈ રાય તનમાં; ટેક.
વિયોગ દુઃખે, પીડાયે પુરપતી;
ફીકર ધરો નહીં કાંઇ મનમાં. નથીરોગ.
રાયના દીલે, મુરછા વળીછે;
કરો ઠંડક દસ વાર દનમાં. નથીરોગ.

(પવન વીગેરે સુદ્ધીના પ્રચાર કર્યાથી રાજાને સુદ્ધી આવેછે, ને પુત્ર ને તેડાવવા પ્રધાનને કહેછે.)

श्रीप्रसेन— આસા ગોડી.

પુત્ર મારાને તેડાવો, સચીવ સઘ પુત્ર મારાને તેડાવો. ટેક
એક ઘડી એક વર્ષ સમલાગે, મનમાં બહુરે મુઝાયો. સચીવ
નહીં મળેજો મુજને તે સત્વર, નહિ રહે જીવ રે બચાવો. સચીવ
મોકલો વાજ્ઞા સાંઢ તમે સઘ, લાવીને અત્રે બતાવો. સચીવ
સુખ પામીશ જ્યારે દેખાશ તેને, નકામી સઘળી દવાઓ. સચીવ

निर्मळसींह—એતો નવ ઠીક કીધુંરી. એ રાહ.

આતો કંઇ નવ શોભેરી,
ચીંત્તા ન કરવી, ધરવી હીમત અતિ મન પર. આતો.
પુત્ર બોલાવુ સુખ સોંપાવુ, હરખ ધરી અપારરી,

તરત શા'હ દાહ લાહ, મટાવું ઝટ ભેહાવું, અતિ જે સુખકર. આતો
આપે દુઃખ મુખપર, કેમ દેખાડયું રે અહીં;
ધરત તખત વખત કોઈ, ન સઘ બહુ અસઘ હે નરવર. આતો

[શ્રીપ્રસેનની મોકલેલી સાંઢ ત્યાં તાકીદનો પત્ર આવવાથી પોતાની સ્ત્રી સુનંદા પાસે શ્રેણીક પોતાને દેશ જવાની રજા માગેછે. તે સાંભળી સુનંદા કહેછે.)

સુનંદા—સાંભળુ શા બોલો તમારા રાણી. એ રાહ.

સુણું વચન શા હુંરે તમારા પીયુ (ર)
આપ વિના રહું કોની હું પારે, જીવુંછું પ્રીતમ આપ આધારે;
ચાહો તજવા કેમ આવારે, પારે, ધારે, વારે તમારા પીયુ. સુણું.
પ્યારા ચાહુ આપની સેવા, આપ પ્રતાપે પામું હું મેવા;
રહું આપ સાથ સુખ દુઃખ લેવા, સેવા મેવા, લેવા તમારા પીયુ. સુણું.
નહીં તરછોડો નાથજી મારા, કરજોડીને વિનવું તમ દારા;
ભોગવું તમ વિણુ દુઃખ અકારા, મારા દારા, કારા તમારા પીયુ. સુણું.

શ્રેણિક—(ઉદાશી ચેહેરે). **જો તુ પ્યારી, ચાહે સારી. એ રાહ.**

જોતું મારૂં, ચાહે સારૂ, તોતો રહે આંહી સુખ ધર ધર;
નથી વિસારી પ્રીતજ પ્યારી, માન સાચું તું હે દીલભર.
શાંતી ધારી, સુખ પ્રસારી, શું કહું તુજને હે મન હર;
માટે તારો મત ફેરવી, રહે આંહી તું મુજ સુખ કર.
બોલાવું તુજને, જલદી સુજને; નહી અમુઝને, જાણ ગુજ્યને.
શોચ શું કરે, નીર આંખે શું ભરે; સાંતી તું ધરે, દુઃખ જશે ખરે. સુખે

(તોપણ નથી માનતી તેથી શ્રેણિક સમજાવે છે કે મારા પીતાને મંદવાડ છે અને સાંઢ મોકલી છે માટે ગયા શિવાય ચાલે નહી પણ જઇને તમને તેડાવી લઈશ એમ દીલાસો આપી સુનંદાની રજા લઇ શ્રેણીક પોતાના

સાસુ સસરાની રજા લેવા જાયછે ત્યાં તેઓની વચ્ચે થોડી રગઝગ થાયછે પછી શ્રેણિક કહેછે.)

श्रेणिक—**ધીઃક યુવા ધીઃક મુજને, ધીઃક અવતારજી. એ રાહ.**

ઘડીએ રે'વું ન અહીં ગમે, ચાહે જાવા મુજ મનજી;
કરે ત્યાં શોક સૌ મુજ વિના, દુઃખી થાય પીતા તનજી.
રજા આપો પ્રીતે શેઠજી. ટેક.

धनावह—કરો હજાર ઉપાય તો, અળગા ન કરૂં ઘડી એકજી;

प्रेमकळा—સુનુ લાગે શાણા તમ વિના, રહો રાખી વિવેકજી.
આમ ન બોલો પ્યારા પ્રાહુણા. ટેક.

श्रेणीक—ખોટી ન કરો મુને શાહજી, દુઃખ દીલ બહુ થાયજી;
શોક સાગરમાં પડી, પડયા માંદા મુજ પીતાયજી. રજા આપો.
ઘડી ટકવું આંહી હરામ છે, અન્ન વીખ સમાનજી;
નીર ન પીવું મારે ચાંગળુ, રજા આપો ધરી માનજી. રજા આપો.

धनावह—આપ જશો અમને મુકીને, સારૂ એતો ન કે'વાયજી;
સેવા કરશે કોણ અમતણી, વિચારો દિલમાંયજી. આમ ન.

प्रेमकळा—પુત્ર પ્રમાણે જાણીને, સોંપ્યો સઘળો ઘર ભારજી;
તે મુકી કેમ તમે જાઓછો, કેમ દુભાવો નર નારજી આમ ન.

श्रेणीक—બસ બસ હવે બહું થયું, હવે લગાડો ન વારજી,
મુજ વિણ દુભાતા સૌ હશે, રજા આપો ધરી પ્યારજી. રજા.
કરજો રક્ષા નારી પુત્રની, જે મુકુ આ ઠામજી;
તેડાવી શું અમે ત્યાં જઈ, પહોચી કુશળ અમ ધામજી. રજા.

धनावह } આપીએ આનંદ ધરી અમે, રજા જાતા તુમ દેશજી;
प्रेमकळा } ઘડી એક હમને ન વિસારતા, સમાચાર દેજો બેશજી.
પ્રેમે પધારો પ્યારા પ્રાહુણા.

[શ્રેણીક, સાસુ સસરા તથા સુનંદાની રજા લઈ પોતાના દેશભણી જાયછે. ને પોતાના પીતાને ભેટેછે. ને પોતાના માતા ભાઇ ભાંડુ વીગેરેને પ્રણામ કરેછે. પછી શ્રીપ્રસેન પ્રધાન પ્રત્યે શ્રેણીકને ગાદીએ બેસાડવાનું કહેછે.)

શ્રીપ્રસેન—પ્રીયા રાઠોડ નરવર શુર. એ રાહ.

સુણો સચીવ મમ વિચાર, બેસાડો પાટે સટક સટક સટક;
શ્રેણીકને હું સોપું રાજ રાખે તે મારી અટક અટક અટક. સુણો.

નિર્મળશાહ—આપ હુકમ હું શિર ચડાવી, બેસાડુ પાટે ઝપટ;

નવાણુભાઇ—ખુશી છીએ અમે બેસાડો પાટે,સચીવ શાણા ઝપટ ઝપટ ઝપટ.

શ્રીપ્રસેન—રાખે તે મારી અટક અટક અટક, સુણો સચીવ મમ વિચાર.

શીલવતી—બિરાજો બેટા તમે ગાદીપર, ટીલું તાણું ચટક,

શ્રેણીક—માત, પિતા, પ્રધાના, ભાઇઓ; આજ્ઞાએ બેસું સટક સટક સટક.

શ્રીપ્રસેન—રાખે તે મારી અટક અટક અટક. સુણો.

[તેને રાજગાદી ઉપર બેસારેછે. ને તેની ખુશાલીમાં સહુ નીચે પ્રમાણે ગાયછે.)

સર્વે—દશા આ શી થઈ મારી, કરમની છે ગતિ ન્યારી. એ રાગ

નમું દેવા કાગો કુમતી, વિચિત્ર છે દૈવની ગતિ.
રાજ ગૃહી નગરી તણો શ્રીપ્રસેન ભુપાલ.
તસ સુત શ્રેણીક ભમ્યો, પ્રદેશે બહુ કાળ.
મહારાજાના અપમાનથી, રહ્યો ત્યાં બહુ ધૈર્યથી. નમું. ૧
પુરવ કર્મ પ્રસંગથી. ગયો વનવાસ તેહ
પણ પુણ્યોદયે કરી, પામ્યો રાજ ફરી જેહ.
ગુણીયલના ગુણ રાગી, ભૂલની માગીએ મારી. નમું. ૨